**ક્રીમીનલ કેસ નં. /૨૦૨૪**

**<u>–|| ચાર્જશીટ નીચે હુકમ ||–</u>**

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે ધી પ્રોહીબીશન એક્ટ કલમ – **૬૬(૧)બી** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવે છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરુધ્ધ તહોમતનામુ ઘડી અને ત્યારબાદ તે અનુસંધાને આરોપીનો જવાબ(પ્લી) લેતા ઉપરોક્ત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ **નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાન નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨), જી.એલ.આર. પાન નં.૯૭૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ ધ્યાને લીધા. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છા પુર્વક અને કોઇપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છા પુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ના માનવાને કોઇ કારણ નથી. વધુમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉપરોક્ત બન્ને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવું આ અદાલતનું નમ્ર પણે માનવું છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–|| હુકમ ||–</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧(૨) અન્વયે ધી પ્રોહી.એક્ટ **કલમ–૬૬(૧)બી** મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ગુનાના ભંગ બદલ **રૂ.૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ દેશી/વિદેશી દારુનો અપિલ સમયબાદ ધોરણસર નાશ કરવો. વધુમાં આ કામે જો મુદામાલ વાહન/મોબાઇલ કબજે કરવામાં આવેલ હોય તો વાહન/મોબાઇલના માલીકની ખરાઇ કરી મુળ માલીકને વાહન/મોબાઇલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૧૪મી** માહે **ડીસેમ્બર** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪

(ઓ.બી.ગોહીલ)
તેરમા જ્યુડી.મેજી.ફ.ક., સુરત
(જજ કોડ નં. જીજે–૦૧૭૧૭)

**Rs.** 100/–
**R.No.**